**<u>રે.દિ.કે.નં.૭૪૫/૨૦૧૯</u>**

**<u>આંક–૫ હેઠળનો હુકમ</u>**

**૧)** આ કામના વાદીએ આંક–૫ તથા કાયમી મનાઇ હુકમ બાબતે સદર દાવો દાખલ કરેલ છે અને તેની સાથે વચગાળાની રાહત મેળવવા સારૂ હાલની આંક–૦૫ ની સિવીલ પ્રોસિઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ ૧–૨ તથા કલમ–૧૫૧ અન્વયે અરજી કરેલ છે. સદર આંક–૫ ની અરજી હેઠળ હાલનો હુકમ કરેલ હોય તેની વિગતનો અત્રે પુનરોચ્ચાર કરેલ નથી.

(૧.૧) આ કામના વાદીએ આંક–૫ ની અરજીમાં પેરા–૦૬ માં નીચે મુજબ દાદ માંગેલ છે.

– આ કામના પ્રતિવાદીએ જાતે કે તેમના એજન્ટ, દાડીયા મારફત અરજી પેરા–૪માં જણાવેલ વિગતવાળા વિજજોડાણ આ દાવાનો આખરી નીકાલ થાયા સુધી બંધ કરે કરાવે નહિ તેવો કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીઓને આપવા અરજ કરેલ છે.

**(૨)** આ કામના પ્રતિવાદીને દાવાના પ્રોસેસ બજી જતાં પ્રતિવાદી તેઓના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૧૦ થી દાવા તથા હાલની અરજીનો જવાબ રજુ કરેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, વાદીના દાવાને તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીને પક્ષકારોની ખામીનો બાદ નડે છે. પ્રતિવાદી નં.૫ કચેરીમાં આ કામના વાદીએ અરજી પત્રક સાથે તેઓના ભાગીદારી કરારની ખરીનકલ સામેલ રાખેલ છે. વાદી સિવાય અન્ય આઠ ભાગીદારો છે અને ભાગીદારી કરારના ક્લોઝ નં.૭ મુજબ તમામ ભાગીદારો સક્રીય રીતે કાર્યરત રહેનાર હોય તેમને પેઢીનાં કામ કરતાં ભાગીદારો ગણવામાં આવશે તેવી જોગવાઈ છે અને આ તમામ ભાગીદારો રૂ.૨,૦૦૦/– થી માંડી રૂ.૧૦,૦૦૦/– સુધી મહેનતાણુ મેળવે છે અને ક્લોઝ નં.૮ મુજબ ભાગીદારોની મુડી ઉપર વાર્ષિક ૧૮ ટકા લેખે વ્યાજ ચુકવવાની જોગવાઈ છે. તે જોતાં તમામ ભાગીદારો સક્રીય હોવાથી આ દાવામાં પક્ષકારો તરીકે જોવાના હોઈ પક્ષકારોના જોડાણના અભાવે આ કામમાં કોઈપણ પ્રકારનો હુકમ થઈ શકે તેમ ન હોય વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી રદ્દ થવાને પાત્ર છે. વધુમાં જણાવે છે કે, વાદીએ સીટી સર્વે નં.૩૨૨૨ વાળી મિલકતના મુળ માલીક ચંપકલાલ રાયચંદભાઈ ગાંધીના વારસદારો રમેશભાઈ ચંપકભાઈ ગાંધી વિગેરે સાથે

ભાગીદારીમાં સદર મિલકત પાડીને વાદીનાં ખર્ચે શોપીંગ સેન્ટર બનાવવાનું અને તેમાં બનાવેલી દુકાનો અને ઓફિસો ભાડેથી તેમજ વેચાણથી આપવાનું નક્કી કર્યા હોવાની તેઓને કોઈ અંગત જાણકારી નથી કે તેમાં આશરે ૯૮ દુકાનો તેમજ ૩૫ ઓફિસો બનાવવાની તેઓને કોઈ અંગત જાણકારી નથી પરંતુ આ કામના વાદીએ પેરા–૩ માં મુજબના લીસ્ટનાં વિજ કનેક્શનો તેમની કચેરીમાંથી લીધેલા હોવાની હકીકત ખરી છે અને વાદી ૪૪ વિજ કનેક્શનો પુરતા તેમના ગ્રાહકો હોવાની હકીકત ખરી છે.

(૨.૨) વધુમાં તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૫ નાએ તા.૧૦/૧૦/૨૦૧૯ અને તા.૧૭/૧૦/૨૦૧૯ ના રોજ આ કામના વાદીને પત્ર લખી જાણ કરેલ છે કે પત્રમાં જણાવેલ યાદી મુજબના વાણિજ્ય હેતુનાં વિજ કનેક્શન ધરાવે છે અને તે વિજ કનેક્શનો માટે તેમણે આપેલા કાગળો/દસ્તાવેજો અપૂર્તતાના કારણે ખુટતા દસ્તાવેજો જેવા કે દસ્તાવેજની ખરી નકલ, ભાગીદારી સંમતિપત્ર દિવસ–૭ માં પુરા પાડવા જણાવેલ છે. અન્યથા આ વાદીએ તેમની કચેરીમાં આપેલ બાહેધરીનાં અનુસંધાને તથા દસ્તાવેજ અપૂર્તતાને લીધે તમામ કનેક્શનો દિન–૭ માં કાયમી ધોરણે રદ્દ કરવામાં આવશે. આ પત્ર મોકલવાનું કારણ એવું છે કે, આજથી એકાદ વર્ષ પહેલા સુરતની તક્ષશીલા ટ્યુશન ક્લાસીસની સંસ્થામાં ઈલેક્ટ્રીક સોર્ટ સર્કીટના કારણે આગ લાગેલી અને તેમાં ઘણા બાળકો નીચે પડીને અને ઘણા બાળકો આગનાં કારણે મૃત્યુ પામેલા અને તે બિલ્ડીંગમાં અપુરતા દસ્તાવેજો વિજ કંપની અને સરકારી કચેરીઓએ લીધા હોવાથી જવાબદારીનાં ગંભીર પ્રશ્નો ઉભા થયેલા, ત્યારથી તેમની કચેરી, નગરપાલિકા કચેરી, જેમાં હાઉસટેક્ષ શાખા, ટાઉન પ્લાનીંગ શાખા વિગેરે સરકારી –અર્ધસરકારી કચેરીઓએ આવા જાહેર સ્થળોએ, મોલ, શોપીંગ સેન્ટર વિગેરેમાં પુરતા દસ્તાવેજો લેવાનો ચુસ્તપણે અમલ કર્યો છે અને તે અમલનાં ભાગ રૂપે પ્રતિવાદી નં.૫ નાએ આ પત્ર લખેલ છે. કારણ કે, આ કામના વાદીએ પ્રતિવાદીની કચેરીને સોગંદનામુ કરીને લખી આપેલ છે કે, આ પેઢીનો હું સૌથી મોટો ૨૫ ટકા નો ભાગીદાર હોય જે તે વખતે સર્વસંમતિથી મારા નામ પર વિજ કનેક્શન મેળવેલ. આજે પણ બહુમતિ ભાગીદારોની સંમતિ હોય નવા કનેક્શનો લેવાનાં થાય છે. તે મારા નામે લેવાના હોય તેની તમામ ખર્ચની કે અન્ય તમામ જવાબદારી મારી રહેશે અને જો ભવિષ્યમાં પી.જી.વી.સી.એલ.ને કનેક્શનો રદ્દ કરવાની જરૂરીયાત જણાય તો તે બાબતે પણ અમો વાંધો લઈશું નહી. તે હકીકતે પ્રતિવાદી સંસ્થાએ વાદીને ભાગીદારી

સંમતિપત્રની પૂર્તતા કરવા જણાવેલ છે અન્યથા વાદીના કથન મુજબ પ્રતિવાદી કંપની તેઓના વિજ કનેક્શનો રદ્દ કરવા હક્કદાર છે. આ રીતે વાદીએ આપેલ સોગંદનામાને ધ્યાને લેતાં હાલના દાવાને પ્રિન્સિપલ ઓફ એસ્ટોપલનો બાદ નડે છે.

(૨.૩) વધુમાં પ્રતિવાદીએ તેમના જવાબમાં જણાવેલ છે કે, વાદીનો કોઈ પ્રથમ દર્શનીય રીતે સાચો કેસ નથી. વાદી દાવામાં સફળ થાય તેવા કોઈ સંજોગો નથી અને મનાઈ હુકમ ફરમાવવામાં આવે નહી તો વાદીનાં દાવાવાળા કનેક્શનો કાયમી ધોરણે બંધ કરી દેવાથી વાદીને કોઈ નાણામાં આંકી શકાય તેવું નુકશાન નથી. વાદીએ પોતાના અરજી પત્રકની સાથે પુરેપુરા દસ્તાવેજો રજુ નહી કરવાનાં કારણે ભવિષ્યનાં આકસ્મિક નુકશાનમાંથી વાદીને છટકવા દેવાય નહી તેથી વાદીએ પ્રતિવાદી કંપનીનાં નિયમ મુજબનાં જરૂરી દસ્તાવેજો પુરા પાડવા જરૂરી, ન્યાયિક અને કાયદેસર છે. વળી દીવાળીની સીઝન પણ પુરી થઈ ગયેલ હોય, વાદીની આવા તર્કહીન કારણોસર કામચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર કરી શકાય નહી જેથી વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી રદ્દ કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**<u>વાદી તરફે દસ્તાવેજી પુરાવોઃ</u>**

| ક્રમ | માર્ક | વિગત |
|---|---|---|
| ૧. | ૪/૧ | વાદીના દાવાવાળા વીજ જોડાણના વીજ વપરાશના બીલો નંગ-૨૮. |
| ૨. | ૪/૨ | પ્રતિવાદી નં.૫ નાએ વાદીને આપેલ નોટીશ. |
| ૩. | ૪/૩ | વાદીએ પ્રતિવાદીને તા.૧૦/૧૦/૧૯ ની નોટીશનો આપેલ જવાબ કે જે પ્રતિવાદી નં.૫ નાને રૂબરૂ બજાવેલ. |
| ૪. | ૪/૪/૧,૨,૩ | વાદીએ પ્રતિવાદીઓને તા.૨૧/૧૦/૧૯ ના મોકલેલ જવાબની મારૂતિ કુરીયરની પહોંચો નંગ-૩. |
| ૫. | ૪/૫ | વાદી તથા અન્ય સભ્યોનો ભાગીદારી કરાર. |
| ૬. | ૪/૬ | વાદીને આપેલ પાવર ઓફ એટર્ની. |
| ૭. | ૪/૭ | પ્રતિવાદી નં.૫ નાએ વાદીને આપેલ નોટીશ. |

## પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવોઃ

| ક્રમ | માર્ક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧/૧ | પ્રતિવાદીની કચેરીમાં વાદીએ રજુ કરેલ સોગંદનામુ. |
| ૨. | ૪૦/૧ | વાદીએ કરી આપેલ નોટરી સોગંદનામાની ખરી નકલ. |
| ૩. | ૪૦/૨– ૩ | વાદીએ કરી આપેલ બાહેધરી અરજી ફોર્મની ખરી નકલ. |

**(૪)** તમામ પક્ષકારોના પક્ષનિવેદનો અને રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લઇ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓને આ કામના પ્રતિવાદી સામે પ્રથમદર્શનિય કેસ છે ?

૨) શું વાદી સાબિત કરે છે કે, જો વાદીને આ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ન ચુકવી શકાય તેવું નુકશાન જાય તેમ છે?

૩) શું વાદી સાબિત કરે છે કે, આ કામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

૪) શું હુકમ?

**(૫)** ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓમાં મારો જવાબ નીચે મુજબ આપું છું.

મુદ્દા નંબર–૧ – હકારમાં,
મુદ્દા નંબર–૨ – હકારમાં,
મુદ્દા નંબર–૩ – હકારમાં,
મુદ્દા નંબર–૪ – આખરી હુકમ મુજબ.

**દલીલઃ**

**(૬)** આ કામના વાદીના વિ.વકિલશ્રીની એવી દલીલ છે કે, આ કામના વાદીએ બોટાદ સ્ટેશન/ટાવર રોડ ઉપર આવેલ સર્વે.નં–૩૨૨૨ વાળી જમીન પર મુળ માલીક ચંપકલાલ રાયચંદભાઈ ગાંધીના વારસદારો સાથે ભાગીદારીથી ગાંધી વડીયા કોમ્પ્લેક્ષ બનાવેલ અને તેમાં ૯૮ દુકાનો અને ૩૫ ઓફીસો બનાવેલ અને વાદીને તેમાં વેપાર ધંધો કરવો હોય ભાગીદારી પેઢીના બહુમતી થી ભાગીદારોની સંમતીથી તેમજ ભાગીદારોએ કરી આપેલ મુખત્યાર નામા સાથે પ્રતિવાદી સંસ્થામાં વિજ જોડાણ સારૂ અરજ કરતા દાવા અરજીના પેરા–૩ પેજ–૪માં જણાવેલ અલગ અલગ ૪૪ ગ્રાહક નંબર થી વિજ કનેક્શન પ્રતિવાદી સંસ્થાએ તમામ ફોર્માલીટી

કર્યા બાદ આશરે દશેક વર્ષ પહેલા આપેલ. આ કામના વાદી સામે આજદિન સુધી વિજકંપનીના બીલ બાકી હોય યા પાવર ચોરી થયેલ હોય તેવા કોઈજ કેસો થયેલ નથી અને પ્રતિવાદી સંસ્થાએ તમામ જરૂરી દસ્તાવેજ પુરાવાને આધારે વિજ કનેક્શન આપેલ. આશરે દશેક વર્ષ પછી ભાગીદાર રમેશભાઈ ચંપકલાલ ગાંધી અને વાદી વચ્ચે મતભેદ અને કેસો થયેલા ભાગીદાર રમેશભાઈ ચંપકલાલ ગાંધી રાજકીય વગ ધરાવતા હોય સદર વિજ કનેક્શનો કપાવવા સારૂ પ્રતિવાદી નં.૫ મારફત તા.૧૦/૧૦/૨૦૧૯ અને ત્યારબાદ ૨૧/૧૦/૨૦૧૯ ના રોજ નોટીસ અપાવેલ અને દિન-૫માં કનેક્શન બંધ કરી દેવા પ્રતિવાદીઓએ હિલચાલ કરેલ જેથી વાદીએ હાલનો દાવો કરેલ છે. જો આ વિજકનેક્શન બંધ કરી દેવામાં આવે તો વાદી તેઓની દુકાનોમાં ધંધો કરી શકે નહિ અને વાદીને પારાવાર નુકશાન જાય તેમ છે. આ કામમાં ગાંધી વડીયા કોમ્પ્લેક્ષના એક ભાગીદારે પક્ષકાર જોડાવવા સારૂ આંક-૧૫ થી અરજી કરેલ જે નામંજુર થયેલ છે. ભાગીદારી પેઢી હોવા અંગે વાદી ઈન્કાર કરતા નથી પરંતુ સદર દુકાનોમાં દસ વર્ષથી વિજકનેકશન હોય અને જો તે કાપી નાખવામાં આવે તો વાદીના વેપાર ધંધા બંધ થઈ જાય તેમ હોય અને વાદીને રૂપીયા પૈસામાં આંકી શકાય તેમ ન હોય તેવુ નુકશાન જાય તેમ છે જેથી હાલની મનાઈ હુકમ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૭) પ્રતિવાદી નં.૧ થી ૫ ના તર્ફે આંક-૩૯ થી લેખીત દલીલ આપી એવી રજુઆત કરેલ છે કે, આ કામના વાદીએ તમામ ભાગીદારોને જોડેલ ન હોય હાલનો દાવો ટકવા પાત્ર નથી. આ કામના વાદીએ વિજકનેકશન મેળવતા પહેલા બાહેધરી પત્રક કરી આપેલ છે અને જરૂરી ઘટતા દસ્તાવેજો માંગવા પ્રતિવાદીઓ હક્કદાર છે પરંતુ પ્રતિવાદીએ માંગવા છતા ઘટતા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ ન હોય જેથી વાદીને નોટીસ આપવામાં આવેલ. બાહેધરી પત્રકમાં વાદીએ કનેક્શનો રદ કરવાનું જણાય તો તેઓને વાંધો ન હોવાનું લખી આપેલ છે જે બાહેધરી પત્રક માર્ક-૧૧/૧ થી રજુ રાખેલ છે. વધુમાં એવી રજુઆત છે કે, હાલમાં મનાઈ હુકમ આપવામાં આવે તો ગેરકાયદેસર વિજકનેક્શન મેળવવા અન્ય લોકોને પ્રેરણા મળે અને મોલો બનાવી જાહેર જનતાની સેફ્ટી વગર વીજકનેકશનો મેળવી અકસ્માતો થાય તેમ હોય અને જાહેર જનતા ઉપર જોખમ ઉભુ થાય તેમ હોય હાલની કામચલાઉ મનાઈ હુકમ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

## કા ર ણો

**મુદ્દા નંબર ૧ થી ૩**

(૮)

આ કામે મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર સંકળાયેલા હોય, એકને એક બાબતોનો વારંવાર પુનરોચ્ચાર ન કરવો પડે તે કારણે મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા એકસાથે કરેલ છે.

-:તારણો માટેના કારણો:-

વચગાળાના મનાઈહુકમ માટેના આવશ્યક તત્વો:-

૮.૧) આ તબ્કકે એ હકીકતની નો લેવી ઘટે કે વચગાળાનો મનાઈહુકમ આપવો કે કેમ ? એ અદાલતની વિવેકાધીન સત્તાને આધીન છે, અલબત્ત આવી વિવેકાધીન સત્તા વાજબી રીતે અને ન્યાયતંત્ર ધ્વારા સ્થાપિત સિધ્ધાંતોને આધીન ઉપયોગ કરવાની રહે છે. મનાઈહુકમની દાદ હળવાશથી મંજૂર કરવી જોઈએ નહી કારણ કે તેનાથી સામા પક્ષકારને અસર થાય છે.વચગાળાનો મનાઈહુકમ આપતા પહેલા અદાલતને પોતાને એવો સંતોષ થાય કે વાદીનો પ્રથમદર્શીય કેસ છે, સગવડ-અગવડની તુલા પણ વાદીની તરફેણમા છે, વાદીની તરફેણમા મનાઈહુકમનો ઈન્કાર કરવાથી વાદીને નાણાથી ના મળી શકે તેવું નુકશાન થાય તેમ છે તો જ વચગાળાનો મનાઈહુકમ મંજૂર કરી શકાય.

પ્રથમ હકીકત વાદી પક્ષે અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવાની રહે છે કે તેમનો પ્રથમદર્શીય કેસ છે, દાવાના કામે તેમણે ઉભા કરેલા વિવાદી મુદ્દાની તપાસ કરાવવી ન્યાયોચીત છે, પ્રથમદર્શીય કેસનો મતલબ એવો નથી કે વાદીએ ચોકકસ હકીકતો સાબિત કરવી રહી, પરંતુ જો પુરાવો રજૂ કરવામા આવશે તો તે માનવાલાયક ગણાશે. પ્રથમદર્શીય હકીકતોની સાથો સાથ જ વાદીએ એવું પણ બતાવવુ રહયુ કે મનાઈહુકમનો ઈન્કાર થવાથી તેમને નાણાંથી ના મળી શકે તેવા પ્રકારનું નુકશાન થવાની સંભાવના છે. સાથો સાથ વાદીએ એ પણ દર્શાવવું જોઈએ કે મનાઈહુકમ આપવાથી પ્રતિવાદીને ઓછી અગવડતા થાય તેમ છે જયારે પ્રતિવાદી કરતા તેઓને વધારે અગવડતા પડે તેમ છે.એટલે કે સગવડ અગવડની તુલા વાદીની તરફેણમા રહેલ છે.

પ્રથમદર્શીય મુલવણી:-

૮.૨) ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને આ કામમા ઉભયપક્ષોના વિધ્વાન વકીલશ્રીઓએ કરેલી દલીલોની ચર્ચા કરવામા આવે તો, રેકર્ડ ધ્યાને લેતા આ કામના વાદી તથા અન્ય-૮ એમ કુલ-૯ વ્યક્તિઓએ ગાંધી વડીયા એસોસીએટ નામની ભાગીદારી પેઢી બનાવેલ હોવાનું માર્ક-૪/૫ ના ભાગીદારી દસ્તાવેજ થી જણાય છે અને આ કામના વાદીને ૨૫ ટકા હિસ્સો હોવાનું

જણાય છે અને દાવા અરજીના પેરા–૩ મુજબ આશરે–૯૮ દુકાનો અને ૩૫ ઓફીસો ગાંધી વડીયા મોલમાં બનાવેલ અને તેમાં અલગ અલગ દુકાનોમાં ૪૪ વિજ કનેક્શન પ્રતિવાદી નં.૨ વિજકંપની પાસેથી મેળવેલ છે. વાદીના કહેવા મુજબ દસ વર્ષ પહેલા વિજ કનેક્શન મેળવેલ. પ્રતિવાદીઓ સદર હકિકતોનો ઈન્કાર પોતાના જવાબ કે લેખીત દલીલમાં કરેલ નથી કે સદર કનેક્શન તાજેતરમાં મેળવેલ હોય તેવુ પણ જણાવતા નથી. વધુમાં આ કામના વાદી જરૂરી દસ્તાવેજી પુરાવા તથા ફોર્માલીટી પુરી કર્યા બાદ પ્રતિવાદી સંસ્થાએ આ વિજ કનેક્શન પુરા પાડેલાનું જણાવેલ છે. જ્યારે પ્રતિવાદી સંસ્થા જરૂરી દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ ન હોવાની નોટીસ માર્ક–૪/૨ તા.૧૦/૧૦/૨૦૧૯ તથા ૪/૭ તા.૧૭/૧૦/૨૦૧૯ ના રોજ નોટીસ આપેલ છે અને પુરતા દસ્તાવેજો જેવા કે દસ્તાવેજોની ખરી નકલ તથા ભાગીદારી સંમતી પત્રક રજુ કરવા જણાવેલ છે. પરંતુ આ કામના પ્રતિવાદી જે તે સમયે વાદીને ક્યા દસ્તાવેજી આધારે પુરાવો રજુ કર્યે વિજકનેક્શન આપવામાં આવેલા તેવી કોઈ હકીકત જણાવતા નથી. પરંતુ પ્રતિવાદી માર્ક–૧૧/૧ થી વાદીએ તા.૨૬/૦૩/૨૦૧૪ના રોજ કરી આપેલ સોગંદનામુ/બાહેધરી પત્રક ગ્રાહક નં.૩૬૯૦૩/૦૧૮૨૨/૦ ને લગતુ રજુ કરેલ છે એટલે કે ૪૪ કનેક્શન પૈકી એક કનેક્શને લગતો બાહેધરી પત્રક પ્રતિવાદી તર્ફે રજુ થયેલ છે અને જેમાં વાદીએ બહુમતી ભાગીદારોની સંમતી હોય નવા કનેક્શન તેમના નામે લેવા અને તમામ ખર્ચની કે અન્ય તમામ જવાબદારી તેઓની હોવાનું અને કનેક્શન રદ કરવાની જરૂરીયાત જણાય તો વાંધો લેશુ નહિ તેવુ સોગંદનામા થી જાહેર કરેલ છે પરંતુ પ્રતિવાદી સંસ્થા ક્યા વ્યાજબી કારણસર દસ વર્ષ બાદ કનેક્શન રદ કરવા માંગે છે તે જણાવી શકતા નથી. આશરે દસ વર્ષ પહેલા તમામ દસ્તાવેજી આધાર પુરાવા ધ્યાને લઈ પ્રતિવાદી સંસ્થાએ કનેક્શન આપેલ છે અને કોઈ જવાબદારી ઉભી થાય તો વાદીએ બાહેધરી પણ આપેલ છે. જેથી માત્ર ભાગીદારો વચ્ચેની તકરારના કારણે સદર કનેક્શનો બંધ કરવાનો પ્રતિવાદીઓનો નિર્ણય ઉચ્ચીત જણાતો નથી.

(૯) આ કામે પ્રતિવાદિના વિ.વકિલશ્રીએ આંક–૩૯ થી રજુ રાખેલ દલીલમાં મનાઈ હુકમ આપવામાં આવશે તો ગેરકાયદેસર વિજકનેકશન મેળવવાની પ્રેરણા મળશે તેમજ સરકારશ્રીના નિયમો અનુસાર દસ્તાવેજી પુરાવા આપ્યા વગર ખોટી રીતે જાહેર ભીડભાડવાળી જગ્યાએ મોટા મોટા મોલ બનાવી જાહેર જનતાની સેફ્ટી વગર વિજ કનેક્શનો મેળવી અકસ્માતો થશે અને આજુબાજુમાં રહિશો તેમજ

દુકાનદારોને તેમજ આમ જન માણસોને જાનની જોખમ ઉભી થશે જેથી મનાઈ હુકમની અરજી રદ કરવા જણાવેલ છે પરંતુ આ કામના પ્રતિવાદી સંસ્થાએ જે તે સમયે તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ ફોર્માલીટી પુરી કર્યા બાદજ વિજ કનેક્શન આપેલાનું માની શકાય તેમ છે. અધુરા અને ખોટા દસ્તાવેજોના આધારે ગેરકાયદેસ વિજ કનેક્શન આપેલ હોય તેવો પ્રતિવાદીનો કેસ નથી. વધુમાં આ કામના પ્રતિવાદિએ આપેલ નોટીસમાં કે હાલના દાવાના જવાબમાં વાદીના મોલ/દુકાનોમાં આપવામાં આવેલ વિજકનેક્શનોના કારણે આમ જાહેર જનતાનુ જાનનું જોખમ હોય કે મોલ બનાવવામાં કે વિજ કનેક્શનમાં જનતાની સેફ્ટી ધ્યાને લેવામાં આવેલી ન હોય અને આવા નીયમોનો ભંગ કરેલ હોય તેવો પ્રતિવાદીનો કેસ નથી કે તે લગત પ્રતિવાદીએ દસ્તાવેજી આધાર પુરાવા રજુ રાખેલ નથી જેથી પ્રતિવાદીની સદર દલીલ માની શકાય તેમ નથી.

**(૧૦)** ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આ કામના વાદીને ગાંધી વડીયા મોલમાં અલગ અલગ દુકાનો તથા ઓફીસોમાં ૪૪ જેટલા વિજ કનેક્શન પ્રતિવાદી સંસ્થાએ આશરે આઠ–દસ વર્ષ પહેલા જરૂરી દસ્તાવેજી પુરાવા લઈને આપેલા હોય હવે ભાગીદારો વચ્ચે તકરારને કારણે અન્ય દસ્તાવેજી પુરાવાની માંગણીના કારણે વિજકનેક્શનો રદ કરવામાં આવે તો વાદીના વેપાર ધંધા વિજકનેક્શનના અભાવે બંધ થઈ જાય યા ખુબજ અગવડતાનો સામનો કરવો પડે. વધુમાં હાલની લાઈફસ્ટાઈલ તથા ધંધાની રીતીનીતી ધ્યાને લેતા વિજકનેકશન આજના સમયની જીવન જરૂરીયાત સુવિધામાં આવે છે. જો આવી સુવિધા અટકાવવામાં આવે તો વિજધારકને અમાપ મુશ્કેલીઓ સામનો કરવો પડે. વધુમાં આ કામના વાદી નીયમીત લાઈટબીલ ભરતા ન હોય કે તેઓની સામે વિજચોરીનો કેસ થયેલ હોય કે રકમ બાકી હોય તેવો પણ પ્રતિવાદીનો કેસ નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદીના નામે શરૂઆતથી વિજકનેક્શનો આવેલા હોય, વાદીનો પ્રથમદર્શનિય કેસ છે. વધુમાં વિજકનેકશન રદ કરવામાં આવે તો વાદીને રૂપીયા પૈસામાં આંકી ન શકાય તેવુ નુકશાન જાય તેમ છે તથા સગવડતાની સમતુલાનો મુદ્દો વાદીની તરફેણમાં હોય મુદ્દા નં.૧,૨,૩ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં–૪ નો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) વાદીની આંક–૫ અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આથી આ કામના પ્રતિવાદીઓ જાતે તથા નોકર,એજન્ટ મારફત અરજી પેરા–૪માં જણાવેલ વિગતવાળા વિજજોડાણ આ દાવોનો આખરી નિકાલ ન થાય ત્યા સુધી બંધ કરવા કે કરાવવા નહિ તેવો વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તા.૨૦, જુલાઈ ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહીથી જાહેર કરવામાં આવ્યો.

બોટાદ.
તા.૨૦/૦૭/૨૦૨૩

**(આઈ.કે.જાંગડ)**
પ્રિન્સિપાલ સિનિયર સિવીલ જજ
બોટાદ.
કોડ નં.જી.જે.૦૦૮૬૭